ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/મા.પ્ર-૨૦૨૧/1097

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.

તા.૦૯/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રીઓ
રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓ, (તમામ),
ગુજરાત રાજ્ય.

પ્રતિ,
પ્રધાનાચાર્યશ્રીઓ
સંસ્કૃત પાઠશાળાઓ (પ્રથમા) તમામ,
ગુજરાત રાજ્ય.

**વિષય :- વર્ષ-૨૦૨૧ ધોરણ-૧૦ એસ.એસ.સી. પરીક્ષાના નિયમિત ઉમેદવારોના શાળા છોડ્યાના પ્રમાણપત્રના રિમાર્કસના ખાનામાં વિગત લખવા બાબત.**

**સંદર્ભ:- અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/માધ્યમિક/૨૦૨૧/૧૦૯૫ તા.૦૭/૦૬/૨૦૨૧**

મહાશય,

જયભારત સહ ઉપરાંત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, વર્તમાન COVID-19 ના સર્વવ્યાપી સંક્રમણના કારણે ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપી પાસ જાહેર કરવાનું ઠરાવેલ છે. ધોરણ-૧૦ નું પરિણામ તૈયાર કરવા બાબતે વિસ્તૃત સૂચનાઓ આપતો પરિપત્ર બોર્ડ દ્વારા તા.03/06/૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

ધોરણ-૧૦ ના ઓનલાઈન ગુણ બોર્ડની વેબસાઈટ પર ભરવાની સૂચના આપતો સંદર્ભિત પરિપત્રમાં "નિયમિત ઉમેદવારો માટે ખાસ ધ્યાન રાખવાની સૂચના" ની સૂચના ક્રમ નંબર-03 માં "ચાલુ વર્ષના ધોરણ-૧૦ ના નિયમિત વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રિમાર્કસના ખાનામાં ધોરણ-૧૦ ની પરીક્ષા માસ પ્રમોશનથી પાસ જાહેર થયેલ છે તેમ લખવાનું રહેશે." એવી સૂચના આપવામાં આવેલ હતી.

શિક્ષણવિદો, આચાર્યશ્રીઓની રજૂઆતને પગલે તા.03/06/૨૦૨૧ ના સંદર્ભિત પરિપત્રની સૂચના-03 માં દર્શાવેલ બાબતને ધ્યાને ન લેવા તથા તેને બદલે "શાળા છોડ્યાના

પ્રમાણપત્ર" રિમાર્ક્સના ખાનામાં "માધ્યમિક શિક્ષણ પૂર્ણ થતાં" એવું દર્શાવવાનું રહેશે અને શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાની તા.૩૧/૦૫/૨૦૨૧ દર્શાવવાની રહેશે.

(બી. એ. ચૌધરી)
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના :-</u>

- માન, અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

<u>નકલ રવાના :-</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ તાબાની શાળાઓને જાણ કરવા સારૂ.

ક્ર.નં. મા-૨/૨૦૨૨/૭૫૦૫
તા. 10/6/2021

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓ તરફ
ર/- જાણ થવા સારૂ...

~~જિલ્લા~~ શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.